RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૪૯ તા.૨–૧૨ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – ડો.પંકજ જયંતિલાલ ગાંધી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા.૨–૧૨–૧૧ ના રોજ કરેલ અપીલમાં અરજદારે તેમની મુળ અરજીની તા.૩૦ દિવસ પુરા થયાની વિગત તેમજ લાગત જાહેર માહિતી અધિકારીઓના નામની વિગત જણાવેલ નથી પરંતુ તેની સાથે એનેક્ષર કરેલ કોપીમાં તા.૩૦–૧૧–૧૧ ના પત્રનો સંદર્ભ જણાવી રજૂઆત કરેલ જેની અરજદારની મુળ અરજીની તા.૧૧–૧૧–૧૧ છે. તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૪૯/૨૦૧૧–૧૨

ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા.૨–૧૨–૧૧ ના રોજ કરેલ અપીલમાં અરજદારે તેમની મુળ અરજીની તા.૩૦ દિવસ પુરા થયાની વિગત તેમજ લાગત જાહેર માહિતી અધિકારીઓના નામની વિગત જણાવેલ નથી પરંતુ તેની સાથે એનેક્ષર કરેલ કોપીમાં તા.૩૦–૧૧–૧૧ ના પત્રનો સંદર્ભ જણાવી રજૂઆત કરેલ જેની અરજદારની મુળ અરજીની તા.૧૧–૧૧–૧૧ છે. તેની માહિતી આપવા બાબતે માંગેલ માહિતીનો જવાબ '૩૦' દિવસની મુદતમાં મળેલ ન હોવાનું જણાવી તથા નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તથા** અરજદારની અપીલમાનાં દાવા –રજૂઆત અનુસાર ગુમાસ્તા નોંધણી પ્રમાણપત્ર અંગે ટેનામેન્ટ નં.,ભાડા કરાર,પુરાવા વિગેરેની આવશ્યકતા દુકાનની સાઈઝની આવશ્યકતા વિગેરેના પરિપેક્ષ્યમાં નોંધણીની વૈધાનિક જોગવાઈ પણ નકલ સહ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૫૫ તા.૧૫–૧૨–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ.(ફા.) અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તા) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત તથા પક્ષકાર જાહેર માહિતી અધિકારી સામે મુળ માહિતી પૈકી મુદ્દાવાર નારાજગી આધાર સહ રજૂઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.એઆરડી/૨૭૪ તા.૨૯–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, નોંધ વિભાગ અને કમ્પ. સ્ટેટની નકલો રજૂ કરેલ છે તેમજ અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નંસી.ઝેડ/આરટીઆઈ/૧૬૦૩ તા.૩૦–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ગુમાસ્તા તરફથી પત્ર નં.એસ.એન્ડઈ/જાવક નં.૨૨૬ તા.૨૬–૧૨–૧૧ નો પૂરક પત્ર મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારે તા.૧૧–૧૧–૧૧ ની અરજીથી સીટી સીવીક સેન્ટરને જે ઓન લાઈન ઓકટો.૧૧ થી નવે.૧૧ સુધી અપીલ કરીને ફરીથી કરવામાં આવેલી ફરીયાદો ૯૯૯/પ૨૦૧૧૨૬૭૮/૨૬૭૯/૨૬૮૦/,૨૬૮૧/૨૬૮૨/ ૨૮૪૯/૨૮૫૦ થી ફરીયાદ અંગે સક્ષમ ઓફિસરે જે પણ કાર્યવાહી કરેલ હોય તેની વિગતવાર રીપોર્ટની નકલ મેળવવા માટે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૬૦૩ તા.૩૦–૧૧–૧૧ના પત્રથી " કોમ્પ. આઈ ડી નં.૯૯૯/પ૨૦૧૧૨૮૪૯ નો જવાબ રજૂ કરેલ છે જે વોર્ડ નં.૩ નોંધ નં.૨૩૮૦ ખાંગડશેરીના નાકે તાડવાળી શેરીના નાકે સલાબતપુરા સુરતમાં આવેલી દુકાનમાં સાબુ, વોશીંગ પાઉડર, એસીડ, ફીનાઈલના વેચાણ માટે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની વોર્ડ ઓફિસમાંથી સેનીટરી લાયસન્સ આપવામાં આવતું નથી ફરીયાદો ૯૯૯/ પ૨૦૧૧૨૬૭૮/૨૬૭૯/૨૬૮૦/,૨૬૮૧/૨૬૮૨/ ૨૮૪૯/૨૮૫૦ નો જવાબ ઈ–મેઈલ થી આપવામાં આવેલ છે. વધુમાં અરજદારને ૯૯૯/પ૨૦૧૧૨૬૪૯/૨૬૫૦ થી પણ ઈ–મેઈલ થી જવાબ આપવામાં આવેલ છે. જેની નકલો પણ જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ છે. આમ અરજદારને મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં જણાવેલ ફરીયાદ નંબરોની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં અરજદારે તા.૨–૧૨–૧૧ ના રોજ કરેલ

અપીલ અરજીમાં ગુમાસ્તાધારાનો જવાબ મોડો મળેલ છે. તથા જરૂરી પુરાવાઓ પાછળથી અરજી કરતાં આપવામાં આવેલ છે. તેવું અપીલના આધારમાં જણાવેલ છે. વધુમાં એનેક્ષરમાં અરજદારે શ્રીજી કેમીકલ એન્ડ પ્રો. સ્ટોર્સ છે તે કયા આધારે તે જણાવવું. ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશનમાં ટેના.નંબર દર્શાવાતો નથી સ્થળ તપાસ કર્યા વગર સર્ટીફીકેટ ઈસ્યુ કરી કાર્યવાહી પ્રણાલિકાનો ભંગ છે ગુમાસ્તાધારાનુ જે બોર્ડ મારેલ છે તે ખબર પડે તેવું નથી, અરવિંદભાઈ રતિલાલ મીઠાઈવાળા ભાડુત નથી પરંતુ ખોટી રીતે દબાણથી ઘુસી ગયેલ છે ટેનામેન્ટ વગર દુકાન કઈ રીતે માન્ય ગણાય. ૪/૧૦ ની દુકાન કઈ રીતે શકય છે રીન્યુ પણ ગેરકાયદેસર રીતે કરવામાં આવે છે વિગેરે ફરીયાદને લગતા પ્રશ્નો અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી ગુમાસ્તા તરફથી મુળ અરજીની નકલ ન મળ્યાનું જણાવેલ છે.

સમગ્ર હકીકત જોતાં અરજદારની તા.૦૨–૧૨–૧૧ ની પ્રથમ અપીલ તેમની તા.૧૧–૧૧–૧૧ ના રોજની મુળ અરજીથી અરજીમાં નિર્દિષ્ટ "ઓન લાઈન સીસ્ટમ" ફરીયાદ અંગે થયેલી કાર્યવાહીની માહિતી મેળવવાને લગતી છે. જાહેર માહિતી અધિકારીએ અત્રે અપીલ તબકકે રજૂ કરેલ પૂરક વિગતો જોતાં અરજદારે નિર્દિષ્ટ કરેલ સાત ફરીયાદો પૈકી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને નિયત સમય અવધિમાં ફરીયાદ ૨૬૮૦ અને ફરીયાદ ૨૮૫૦ સિવાયની વિગતો ઓન લાઈન સીસ્ટમના કમ્પલેઈન રીડ્રેસલ સ્ટેટસની નકલો પૂરી પાડેલ છે. જયારે ૨૮૪૯ ની ફરીયાદ નકલ જાહેર માહિતી અધિકારી તથા અરજદાર ધ્વારા અત્રે રજૂ થયેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારીના તા.૩૦–૧૧–૧૧ ના માહિતી પત્રમાં તેનો સમાવેશ કરવામાં આવેલ છે આમ ફરીયાદ ૨૬૮૦ અને ૨૮૫૦ ની કોઈ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને આપવાની વિગતો અપીલ તબકકે અત્રે રજૂ થયેલ નથી.

અરજદારે અપીલ તબકકે મુળ માંગેલ માહિતી પૂરતી તકરાર અપીલમાં રજૂ કરવાને બદલે તેમના એનેક્ષર ધ્વારા અલાયદી તકરારી મુદ્દા ઉભા કરેલ છે. અરજદાર મુળ અરજીથી જાહેર માહિતી અધિકારી ગુમાસ્તા અને ડે.કમિ.(ફા.) ને લગતી કોઈ માહિતી માંગ્યાનું સ્પષ્ટ થતું નથી. તેથી તેમને અપીલના પક્ષકાર તરીકે આ તબકકે જોડવાનો પ્રશ્ન અસ્થાને છે. અરજદારની અપીલ તબકકે આ અંગે તેમનો પક્ષ રજૂ કરવા જણાવવા છતાં તે રજૂ કરવામાં સફળ રહેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૧૧–૧૧ થી માંગવામાં આવેલ માહિતી પૈકી ફરીયાદની હકીકતમાં જણાવેલ વિગતે સેન્ટ્રલઝોનના જાહેર માહિતી અધિકારી ધ્વારા નહીં પુરી પાડેલ ફરીયાદ ૨૬૮૦ તથા ૨૮૫૦ ને લગતી કાર્યવાહી બાબતની દફતરી હકીકતલક્ષી વિગતો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

અરજદાર ઈચ્છુક હોય તો સમય અવધિમાં પૂરી પાડેલ ૫ ફરીયાદ નિકાલને લગતી કાર્યવાહી બાબતે જાહેર માહિતી અધિકારીનો કચેરી કામકાજના સમય દરમ્યાન સંપર્ક કરી દફતરી તપાસણી કરવા સ્વતંત્ર છે. જે અંગે અરજદારે આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં દસ્તાવેજ ફી ભરપાઈ કરવાની રહેશે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધી,